કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર

સેક્ટર-૧૧, ઉદ્યોગ ભવન પાસે, ગાંધીનગર - ૩૮૨૦૧૧

ફોન નંબર : ૦૭૯-૨૩૨૫૯૦૩૯ ઇ-મેઇલ : collector-gnr@gujarat.gov.in

હુકમ નં. 413/06/03/032/2019

તા. 12/07/2019

વંચાણે લીધા :-

(૧) અરજદારશ્રી જીવુબેન લક્ષ્મણજી ખોડાજી બિહોલા
રહે. રહે :- પાલજ, તા જી :- ગાંધીનગર, પાલજ-382355 ની તા. 08/05/2019 ની ઓનલાઇન અરજી તથા સોગંદનામુ

(૨) મુંબઇ જમીન મહેસૂલ કાયદો ૧૮૭૯ ની કલમ - ૪૮, ૫૬, ૬૬ તથા ૬૭

(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ ના નિયમ ૮૧, ૧૦૦, ૧૦૧, ૧૦૨

(૪) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૦૧/૦૭/૨૦૦૮

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા.૦૮/૦૫/૨૦૧૮

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક: એસ/ટીપી/૧૨૨૦૯/૭૬૯/૧૧/હ.૧ તા. ૩૧/૦૩/૨૦૧૧

(૭) iRCMS પોર્ટલ પરની કેસ વિગત

હુકમ :-

વંચાણે લીધેલ ક્રમ (૧) ની અરજી તથા સોગંદનામા થી અરજદારશ્રી જીવુબેન લક્ષ્મણજી ખોડાજી બિહોલા એ મોજે પાલજ તા. ગાંધીનગર જિ. ગાંધીનગર ના સરવે/બ્લોક નં. 401 ના ક્ષેત્રફળ 5,463.00 ચો.મી. ની જમીન અંગે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતીના હેતુ માટે પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

સવાલવાળી જમીનના ગામ નમૂના નં. ૭/૧૨ માં કબજેદારોની વિગત નીચે મુજબ છે.

સરવે/બ્લોક નંબર ટી.પી. નંબર એફ.પી. નંબર	માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.)	કબજેદારોના નામ (ખાતા નં. 140)	જમીનનો સત્તાપ્રકાર (૭/૧૨ મુજબ)
સરવે/બ્લોક નં. : 401 જુનો સરવે/બ્લોક નં. : --- ટી.પી. નં. : --- એફ.પી. નં.: ---	5,463.00	બિહોલા જીવુબેન લક્ષ્મણજી ખોડાજી	જુની શરત (જુ.શ)

વસુલ કરવામાં આવેલ કરવેરાની વિગત નીચે મુજબ છે.

કરની વિગત	સદર	માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.)	દર રૂ. પ્રતિ ચો.મી.	કુલ રકમ રૂ.
રૂપાંતર કર	569-0035-00-800-01	5,463.00	8.00	43,704.00
વિશેષ ધારો	570-0035-00-101-01	5,463.00	0.60	3,278.00
લોકલ ફંડ	574-0029-00-103-01	5,463.00	1.20	6,556.00
શિક્ષણ ઉપકર	575-0045-00-108-01	5,463.00	0.30	1,639.00
માપણી ફી	577-0029-00-106-01	5,463.00	---	1,200.00
			કુલ રૂ.	56,377.00

ઉપર્યુક્ત તમામ હકીકતો ધ્યાને લઇ મોજે પાલજ તા. ગાંધીનગર જિ. ગાંધીનગર ના સરવે/બ્લોક નં. 401 ના ક્ષેત્રફળ 5,463.00 ચો.મી. ની જમીનને નીચે જણાવેલ શરતોને આધિન ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતી હેતુ માટે પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો :-

(૧) આ હુકમ મળ્યેથી બે માસમાં "એમ" નમૂનામાં સનદ પ્રાપ્ત થશે.

(૨) જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડની કચેરીમાં માપણી ફી જમા કરાવેલ છે. જેથી માપણી કરી / કરાવી આ હુકમ આધે મંજૂર થયેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું / કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકનો મહેસૂલી દફતરે અમલ જ પ્રશ્નવાળી બિનખેતીની જમીન / પ્લોટનું રજી. દસ્તાવેજથી થયેલ વેચાણ વ્યવહારના અમલ માટે નોંધ પાડવાની રહેશે.

(૩) અરજદારે પ્રતિ વર્ષે ખેતી સિવાયનો ધારો (વિશેષધારો) દર પ્રતિ ચો.મી. ના રૂ. 0.60 પ્રમાણે રૂ. 3,278.00 તેમજ નિયમ પ્રમા લોકલ ફંડ તથા શિક્ષણ સેસ ભરવો પડશે જે અંગેનો દર વખતોવખત ફેરફારને પાત્ર રહેશે.

(૪) ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ એ મંજૂર કરેલા પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે અને હુકમ થયા તારીખથી ત્રણ વર્ષ બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ નં. બખપ/૧૦૯૩/૧૦૫૨/ક તા. ૧૩/૦૯/૧૯૯૩ માં ઠરાવ્યા મુજબ સહીયારા / કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની માલિકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલિકીની ગણાશે તે ઉપર મુળ માલિકનો કોઇ હકક રહેશે નહિ.

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા. ૦૭/૦૮/૧૯૯૧ ના પરિપત્ર નં. બખપ-૧૦૯૧/૧૪૫૬/ક ની જોગવાઇ મુજબ બિન અધિકૃ બાંધકામ બાબતે બાંધકામ નિયંત્રણ કરતી સંબંધિત મહાનગરપાલિકા / શહેરી વિસ્તાર સત્તા મંડળએ ધોરણસરનાં પગલાં લેવા રહેશે.

(૭) સદર જમીનમાંથી પેટ્રોલીયમ / પાણીની કે અન્ય કોઇપણ પ્રકારની પાઇપલાઇન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરિટીએ સંબંધિતોનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૮) સરકારશ્રીનાં મહેસૂલ વિભાગનાં તા. ૦૧/૦૭/૨૦૦૮ ના ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક માં જણાવેલ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

૧. જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડ દ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાયેલ હોવી જોઇએ.

૨. બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામનાં નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચિઠ્ઠી મેળવી શકશે નહિ.

૩. શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર થઇ ગઇ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનિંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

૪. મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીનાં નિકાલની જોગવાઇ કરવાની રહેશે.

૫. અરજદારે રિબન ડેવલપમેન્ટ રુલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

૬. ફલોર, મિલ, સિનેમા/ ટુરિંગ સિનેમા/ થિયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૭. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલ જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૮. ઇન્ડિયન એક્ષપ્લોઝિવ એકટ અન્વયે મેગેનિઝ, ફાયર વર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતા પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૯. સવાલવાળી જમીન જો રેલવે હદની નજીક હોય તો રેલવેની હદથી નિયમ મુજબ જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

૧૦. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વીજળી ગ્રિડના તાર/ હાઇટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

૧૧. બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસ નિયમ મુજબની ત્રિજ્યામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવુ ના-વાંધા પ્રમાણપત્ર સિવિલ એવિએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સિવિલ એવિએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૨. ઓ.એન.જી.સી. ના કુવાની નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૩. નર્મદા કેનાલ/ અન્ય સિંચાઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૪. અરજદારે/ જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (Protected Monuments) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી નિયમ મુજબનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૯) પ્રશ્નવાળી જમીનમાં નગરપાલિકા/ મહાનગરપાલિકા/ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જે શરતોએ પરવાનગી આપવામાં આવશે શરતોનું પાલન તથા બાંધકામ કરવાનું રહેશે.

આ જમીનમાં વરસાદી પાણીના ભુગર્ભ વહન/ સંચય માટે દર મકાન/ બહુમાળી મકાન દીઠ એકના દરે આ જમીનમાં ઉપર પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરીને બાંધકામ કરવાનું રહેશે.

(૧૧) પ્રશ્નવાળી જમીનમાં સ્થળે થયેલ બાંધકામ સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમોનુસાર નહિ હોય તો સ્થાનિક સ્વરાજની સંસ્થા નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે. તેમાં આ હુકમથી બાધ આવશે નહિ.

અરજદારે ઉપરોકત શરતોનું પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

(૧૨) ઉપરની કોઇપણ શરતનો ભંગ થયેથી જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ મુજબ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ બીજી કોઇપણ શિક્ષાને પાત્ર હશે તો તેને બાધ આવ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો કબજેદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(૧૩) ઉપરોકત શરતોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલેકટરશ્રી સદરહુ હુકમ વિરૂધ્ધ બાંધેલા અથવા વધારાના કોઇપણ મકાન અથવા ઇમલાને કલેકટરશ્રીએ, આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમિયાન તેવી રીતે ખસેડવામાં ન આવે કે સૂચવ્યા મુજબ ફેરફાર ન કરવામાં આવે તો તેમ કરવામાં જે ખર્ચ થાય તે કબજેદાર પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

વધુમાં ઉપર્યુક્ત શરતોને આધીન અરજદાર દ્વારા રજુ થયેલ સોગંદનામાની વિગતોમાં તેઓ દ્વારા જાહેર કરેલી હકીકતોને આધારે સવાલવાળી જમીનના બિનખેતી ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવે છે.

રવાના કરવા પ્રમાણિત કર્યું

(કે. ટી. ...)
ચિટનીશ ટુ કલેકટર
ગાંધીનગર

સહી/-
(એસ.કે.લાંગા)
કલેકટર, ગાંધીનગર

<u>આર.પી.એ.ડી.</u>

પ્રતિ,
જીવુબેન લક્ષ્મણજી ખોડાજી બિહોલા
રહે :- પાલજ
તા જી :- ગાંધીનગર
પાલજ-382355

નકલ રવાના:-

૧. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ
૨. મામલતદારશ્રી તા. ગાંધીનગર જિ. ગાંધીનગર (હુકમનો અમલ ગામ દફતરે રેકર્ડ ઓફ રાઈટ્સ મુજબ કરાવવા સારૂ.)
૩. જિલ્લા ઈન્સ્પેકટરશ્રી જમીન રેકર્ડ જિ. ગાંધીનગર

<u>* આ હુકમની ઇ-ધરા કેન્દ્ર, ગાંધીનગર માં નોંધ નંબર 6662 થી મોજે.- પાલજ તા.- ગાંધીનગર જિ.- ગાંધીનગર માં નોંધ થયેલ છે.</u>

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

બ્લોક નં. ૧૮, ૪થો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૭
ફોન/ફેક્સ નં. ૨૩૨ ૪૯૦૧૭, ૨૩૨ ૪૯૦૧૮.

નં.ગુડા/તાંત્રિક/ 7319 /૨૦૨૦. તા. 3/12/2020

પ્રતિ,

એકાઉન્ટ ઓફિસરશ્રી

ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ

ગાંધીનગર.

વિષય: વિકાસ પરવાનગી પ્રકરણે ચાર્જેબલ એફ.એસ.આઇ તથા બેટરમેન્ટ ફી ના નાણાંના એડવાન્સ ચેકો જમા કરાવવા બાબત.

સંદર્ભ: પીઆરએમ/પાલજ/૩૭/03/૨૦૨૦, નગર રચના યોજનાં નં:૨૫ (પાલજ-બાસણ-લવારપુર-શાહપુર), મોજે:પાલજ નાં સર્વે/બ્લોક નં. ૪૦૧, અંતિમખંડ નં:૩૩, ગાંધીનગર.

મહાશય,

ઉપરોક્ત વિષયે અને સંદર્ભ અન્વયે નીચે મુજબની વિગતોવાળા એડવાન્સ ચેકો આ સાથે સામેલ છે.

❖ <u>ચાર્જેબલ એફ.એસ.આઇ તથા બેટરમેન્ટ ફી ના એડવાન્સ ચેકની વિગત.</u>

ક્રમ	ચેક નંબર	બેન્કનું નામ	બ્રાન્ચ	તારીખ	રકમ રૂપિયામાં
૦૧.	૧૪૯૭૭૪	બરોડા ગુજરાત ગ્રામીણ બેંક	પાલજ, ગાંધીનગર	૦૨/૦૩/૨૦૨૧	૭,૯૬,૯૪૯/-
૦૨.	૧૪૯૭૭૫	બરોડા ગુજરાત ગ્રામીણ બેંક	પાલજ, ગાંધીનગર	૦૨/૦૬/૨૦૨૧	૭,૮૫,૨૩૧/-
૦૩.	૧૪૯૭૭૬	બરોડા ગુજરાત ગ્રામીણ બેંક	પાલજ, ગાંધીનગર	૦૨/૦૯/૨૦૨૧	૭,૭૩,૫૧૧/-
૦૪.	૧૪૯૭૭૭	બરોડા ગુજરાત ગ્રામીણ બેંક	પાલજ, ગાંધીનગર	૦૨/૧૨/૨૦૨૧	૭,૬૧,૭૯૧/-

આમ, ઉપરોક્ત વિગતો વાળા એડવાન્સ ચેકો સ્વીજાકારી આગળની જરુરી કાર્યવાહી કરવા વિનંતી.

બિડાણ: ઉપર મુજબ

આપનો વિશ્વાસુ

જુનિયર નગર નિયોજક
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર

નકલ રવાના: પ્રતિ,
જીત ડેવલોપર્સ નામની પેઢીના સત્તા અધિકારીની રૂઇએ વહીવટકર્તા ભાગીદારો જીતેન્દ્રસિંહ પ્રવિણસિંહ બિહોલા તથા અન્યને મોજે.પાલજ, ગાંધીનગર તરફે જાણ સારું.

।। भूमिस्त्वर्षिं बलं राष्ट्रे दधातूत्तमे ।।
ગુડા
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

નમુનો-ઘ (નિયમ-૧૦)

વિકાસ માટે પરવાનગી

જીત ડેવલોપર્સ નામની પેઢીના સત્તા અધિકારીની રૂઈએ વહીવટકર્તા ભાગીદારો જીતેન્દ્રસિંહ પ્રવિણસિંહ બિહોલા તથા અન્ય (૩) ને રહેણાંક હેતુસર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સન-૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં. ૨૭) ની કલમ-૨૯(૧)(૧), ૨૯(૧)(૨),૪૯(૧)(ખ) હેઠળ મોજે.પાલજ, તા.જી.ગાંધીનગર, નગર રચના યોજના નં. ૨૫ (પાલજ-બાસણ-લવારપુર-શાહપુર), સર્વે નં. ૪૦૧, મુળખંડ નં. ૩૩, અંતિમખંડ નં. ૩૩,ની ૩૨૭૮.૦૦ ચો.મી. જમીનમાં તેમની હદમાં નીચે વર્ણન કર્યા પ્રમાણે આ સાથેની શરતોને આધીન વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

બ્લોક નં: એ+બી+સી+ડી

ક્રમ	ફલોર(માળ)	બાંધકામ (બિલ્ટઅપ) નું ઉપયોગી ક્ષે. (ચો.મી)	બાંધકામની ઉપયોગ	એકમની સંખ્યા	રીમાકર્સ
૧	૨	૩	૪	૫	૬
૦૧	બેઝમેન્ટ	૨૦૩૩.૫૯	પાર્કિંગ	---	---
૦૨	ગ્રાઉન્ડ ફલોર (હોલોપ્લીન્થ)	૧૪૧૧.૮૦	પાર્કિંગ	---	
૦૩	ફર્સ્ટ ફલોર	૧૪૦૧.૧૭	રહેણાંક	૧૫	
૦૪	સેકન્ડ ફલોર	૧૪૦૧.૧૭	રહેણાંક	૧૫	
૦૫	થર્ડ ફલોર	૧૪૦૧.૧૭	રહેણાંક	૧૫	
૦૬	ફોર્થ ફલોર	૧૪૦૧.૧૭	રહેણાંક	૧૫	
૦૭	ફીફ્થ ફલોર	૧૪૦૧.૧૭	રહેણાંક	૧૫	
૦૮	સીક્સ્થ ફલોર	૧૪૦૧.૧૭	રહેણાંક	૧૫	
૦૯	સેવન્થ ફલોર	૧૪૦૧.૧૭	રહેણાંક	૧૫	
૧૦	સ્ટેર કેબીન	૨૨૬.૧૦	---	---	
૧૧	વોટર ટેન્ક તથા સીક્યુરીટી કેબીન	૨૭૪.૧૨	---	---	
	કુલ :	૧૩૭૫૩.૮૦	રહેણાંક	૧૦૫	

નોંધ.માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ મંજુર કર્યા મુજબ.
ક્રમાંક:પીઆરએમ/પાલજ/૩૭/૦૩/૨૦૨૦/ 7979 / ૨૦૨૦
વપરાશ: રહેણાંક
તારીખ : 4/12/2020

URBAN DEVELOPMENT AUTHORITY • GANDHINAGAR

જુનીયર નગર નિયોજક
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર.

-:ખાસ શરતો:-

(૦૧) આ વિકાસ પરવાનગીથી સી.જી.ડી.સી.આર-૨૦૧૭ ના વિનયમ નં:૨૯ મુજબ તેમજ લાગુ પડતા કાયદા/નિયમો અન્વયેની પરવાનગીઓ મળતી નથી.

(૦૨) વિકાસ પરવાનગી મેળવ્યા બાદ સ્થળ ઉપર શરૂ કરતા પહેલા સાત દિવસ અગાઉ ફોર્મ નં: ૦૨ (ડી) નું એનેક્ષર, સ્ટ્રકચરલ ડ્રોઇંગ, વર્કીંગ ડ્રોઇંગ તથા સોઇલ ઇન્વેસ્ટીગેશન રીર્પોટસ નિયમોનુસાર ર જુ કરવાના રહેશે.

(૦૩) બાંધકામના નીચેના તબકકે ફોર્મ નં:૧૧ (નોટીસ ઓફ પ્રોગ્રેસ ઓફ કન્ટ્રકશન) માં દર્શાવ્યા મુજબનું પ્રોગ્રેસ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે અને સત્તામંડળ તરફથી પરવાનગી મેળવ્યા બાદ જ આગળના તબકકાનું બાંધકામ શરૂ કરવાનું રહેશે.

અ. પ્લીન્થ અથવા ભોંયરાનું બાંધકામ હોય તો ભોંયરા ઉપરનો સ્લેબ ભરવામાં આવે તે પહેલા.

બ. પ્રથમ માળના બાંધકામ વખતે.

ક. વચગાળાના માળના બાંધકામ વખતે.

ડ. છેલ્લા માળના બાંધકામ વખતે.

(૦૪) સી.જી.ડી.સી.આર-૨૦૧૭ ની જોગવાઇ તથા સરકારશ્રીના તા.૧૨/૧૦/૨૦૧૭ ના સ્ટ્રકચર સેફટી અંગેના વિનિયમ નં:૦૩ અનુસાર બાંધકામના સ્થળની જરૂરીયાતોની જોગવાઇઓનું પાલન થયેથી જ સ્થળ ઉપર બાંધકામ શરૂ કરવાનું રહેશે.

(૦૫) સેપ્ટીક ટેન્ક તથા સોકવેલની સાઇઝ તથા સંખ્યા નેશનલ બિલ્ડીંગ કોડ (આઇ.એસ.૨૪૭૦) તથા સિવિલ એન્જીનીયરીંગ હેન્ડબુક બાનાખત મુજબ ડ્રેનેજ લે-આઉટમાં દર્શાવવાના રહેશે. તે અનુસારની જોગવાઇ કરવાની જવાબદારી આર્કીટેક/ ઇજનેર/સ્ટ્રકચરલ એન્જીનીયર/કર્લાક ઓફ વર્કસ/સાઇટ સુપરવાઇઝર/ડેવલોપર/જમીન માલિકની રહેશે.

(૦૬) વિકાસ પરવાનગી પત્ર તથા મંજુર થયેલ નકશાઓનો એક સેટ સ્થળ ઉપર પ્રસિધ્ધ કરવાનો રહેશે.

(૦૭) બાંધકામ પુર્ણ થયા બાદ જ વપરાશ શરૂ કરવાનો રહેશે.

(૦૮) સદરહું જમીનનો બિનખેતીનો ઉપયોગ કરતાં પહેલા લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૫ અન્વયેની સંબંધિત અધિકારીશ્રીની જરૂરી પરવાનગી લેવાની રહેશે તેમજ બિનખેતી કરાવ્યા બાદ અન્ય કાયદા હેઠળ જરૂરી બાંધકામની પરવાનગી સ્થાનિક સંસ્થા પાસેથી મેળવીને બાંધકામ કરવાનું રહેશે.આ સિવાય કરેલ વિકાસ/બાંધકામ ગેરકાયદેસર ગણાશે.

(૦૯) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૬ અને ૪૯ અન્વયે સદરહું જમીનમાં બાંધકામ મંજુર વિકાસ યોજના/નગર રચના યોજનાની દરખાસ્તો અને નિયમો મુજબ કરવાનું રહેશે.

(૧૦) બાંધકામ પરવાનગી, સર્વે નંબર/બ્લોક નંબર અથવા અંતિમખંડ અગર સબપ્લોટમાં અરજદારશ્રી જે જમીનમાં કબજેદાર/માલિક છે તે જમીન પુરતી પરવાનગી આપવામાં આવે છે.

(૧૧) આ પરવાનગીના કારણે અરજદારની માલિકી તથા જમીનની હદ વિસ્તાર તથા ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી.પરંતુ નિયમોનુસાર વિકાસ અંગેની મંજુરી મળે છે. તેમજ આ પરવાનગી અધિકૃત સનદ ટીપ્પણ, અંતિમખંડના માપને આધિન રહીને આપેલ ગણાશે.

(૧૨) વિકાસ નકશામાં અને નગર રચના યોજનામાં જુદા-જુદા વિસ્તારમાં જમીનનો અને મકાનના ઉપયોગ વિશે જે ખાસ નિયમો હશે તેની વિરૂધ્ધનો ઉપયોગ કરી શકશે નહિ. તેમજ મંજુર કરવામાં આવેલ વિકાસ પરવાનગી મુજબના નકશાના દરેક ખંડનો જે ઉપયોગ હશે તેથી જુદા ઉપયોગ અગાઉથી મંજુરી લીધા સિવાય કરી શકશે નહિ.

(૧૩) વિકાસ પરવાનગી સત્તામંડળના પ્રવર્તમાન નિયમો મુજબ આપવામાં આવી છે અને ખાનગી હકકોના નુકશાનો અંગે સત્તામંડળની કોઇપણ જવાબદારી રહેતી નથી.

(૧૪) વિકાસ પરવાનગી સત્તામંડળના અધિકાર જોવા માંગે તો તે બતાવવા માલિક બંધાયેલા છે જો તે નહિ બતાવે તો તે બંધ કરવા હુકમ કરશે અને તે મુજબ કામ બંધ કરવાનું રહેશે. તેમજ વિકાસ પરવાનગી સાથે મંજુર કરાયેલ નકશાઓ (લેમીનેટેડ કરાવેલ) એક સેટ/નકલ સ્થળ પર રાખવાનો રહેશે તેમજ વિકાસ પરવાનગી નંબર/તારીખ તેમજ જમીનની વિગતો દર્શાવતું બોર્ડ પણ સ્થળે પ્રસિધ્ધ કરવાનું રહેશે.

(૧૫) આ વિકાસ પરવાનગી આપ્યા તારીખથી ૧૨ માસ સુધી અમલમાં રહેશે તથા આ હુકમની તારીખથી નિયમોનુસાર મળવાપાત્ર સમયમર્યાદામાં આપેલ મંજુરી મુજબનું વિકાસ કાર્ય સમાયંતરે રીન્યુઅલ મેળવી પુર્ણ કરવાનું રહેશે.

(૧૬) સવાલવાળી જમીન લેન્ડ એકવીઝેશન એકટ-૧૮૯૪ મુજબ એન્કવાયર કરનારને સદરહું એકટની કલમ-૪ અન્વયે નોટીફીકેશનની કર્યું હશે તો એકવીઝેશન એકટની કલમ-૨૪ (૭) મુજબ જીલ્લા કલેકટરશ્રીની રજા, બાંધકામ શરૂ કરતા પહેલા લેવાની રહેશે.

(૧૭) વખત તો વખત શહેરી વિકાસ સત્તામંડળ તરફથી તથા સરકારશ્રી તરફથી વિકાસ માટેના જે નિયમો કે સુચનાઓ તથા જાહેરાત કરાય તે બંધનકર્તા રહેશે.

(૧૮) અરજદાર આ સત્તામંડળ તથા સરકારશ્રી વખતો વખત નકકી કરે તે મુજબના ડેવલોપમેન્ટ ચાર્જીસ, અન્ય ચાર્જીસ ડીપોઝીટ તેમજ ફી ભરવા જવાબદાર રહેશે.

(૧૯) ઉપર જણાવેલ શરતોનો ભંગ કરવા બદલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ ધારો-૧૯૭૬ ની કલમ-૨૯/૫,૩૫,૩૬,૩૭,૪૯/૧ અને ૯૮ વિગેરેની જોગવાઇ મુજબ દંડ તથા શિક્ષાને પાત્ર રહેશે.

(૨૦) જો પ્રશ્નવાળી જમીન ઉપર બોજો હશે તો ધિરાણ કરનાર સંસ્થાના કારણો તેમને બંધનકર્તા રહેશે.

(૨૧) ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ સિવાયના બીજા પ્રવર્તમાન કાયદાઓ હેઠળ લેવા પાત્ર મંજુરીઓને આધિન રહીને વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

(૨૨) મંજુર થયેલ પ્લાન મુજબનો વિકાસ શરૂ કરતા પહેલાં સાત (૭) દિવસ અગાઉ નિયમોનુસાર ડીટેઇલ વર્કીંગ ડ્રોઇંગ તથા સ્ટ્રકચરલ ડ્રોઇંગ અત્રે રજુ રાખી તથા તેના આનુષાંગિક રીર્પોટસ સમયાંતરે અત્રે રજુ કરી તથા તબકકાવાર પ્રગતિની અત્રે નિયત નમુનામાં જાણ કરી તપાસ કરાવવાની શરતોએ વિકાસ પરવાનગી આપવામાં આવતી હોઇ તેનો ભંગ થયેથી વિકાસ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે.

(૨૩) રજુ થયેલ નકશામાં દર્શાવ્યા મુજબનો વિકાસ કરતાં પહેલાં સ્થળે ખાનગી હક્કોને નુકશાન ન થાય તેમ યોગ્ય તે અધિકૃત પ્રવેશ રજુ કરેલ કરાર સસસમુજબ મેળવી લેવાનો રહેશે.

(૨૪) ઔધોગિક/વાણિજય બાંધકામને લગતા સરકારશ્રીના જુદા-જુદા ખાતાઓના નિતી નિયમો પણ અરજદારશ્રીને બંધનકર્તા રહેશે તથા તે અન્વયે સંબંધકનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી રજુ કરવાનું રહેશે.

(૨૫) માર્જીનવાળા ભાગમાં, આંતરિક રસ્તા ઉપર અને કોમન પ્લોટમાં કોઇને અંતરાયરૂપ ન થાય તે રીતે યોગ્ય સ્થળે કુલ જમીનમાં વિસ્તારની ગણત્રી મુજબ કોમ્પ્રેહેન્સીવ સી.જી.ડી.સી.આર-૨૦૧૭ ની જોગવાઇ મુજબ વૃક્ષો વાવવાના તથા ઉછેરવાના રહેશે તેમજ તે અન્વયે અરજદારશ્રીને અત્રે આપેલ બાંહેધરી મુજબનો અમલ કરવાનો રહેશે.

(૨૬) વરસાદી કુદરતી પાણીના વ્હેણને, અવરોધ ન થાય અને તેનો યોગ્ય રીતે અને સરળતાથી નિકાલ થાય તેવી જરૂરી વ્યવસ્થા રહેશે.

(૨૭) સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરેલ મુસદારુપ નગર રચના યોજના નં:<u>૨૫ (પાલજ-બાસણ-લવારપુર-શાહપુર),</u> મુજબ કેસરી રંગથી દર્શાવેલ જમીનનો સમાવેશ અન્યની માલીકી જમીનમાં થતો હોઇ સદર નગર રચના યોજના થયે અંતિમખંડ મુજબની અન્યની માલિકીની જમીનનો પ્રત્યક્ષ કબજો જમીન માલિકને મળ્યા બાદ તેની સત્તામંડળની લેખિતમાં જાણ કરી પ્રસ્તુત જમીનમાં બાંધકામ/વિકાસ કાર્ય કરી શકાશે.

(૨૮) લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ ખુલ્લી જમીનમાં વોટર રીચાર્જીંગ કુવા અંગેનું આયોજન રજુ કરેલ બાંહેધરી મુજબ કરવાનું રહેશે.

(૨૯) માન્ય લેબોરેટરીના સોઇલ ઇન્વેસ્ટીગેશન રીર્પોટ અન્વયે જમીન પર થનાર વિકાસ કાર્યનો યોગ્યતા અને સલામતીના માપદંડ તથા સુચવેલ ભલામણોના અમલ કરી તેનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તે મુજબ બાંધકામની મજબુતાઇ અંગે સ્ટ્રકચરલ એન્જીનીયરે નકશા તૈયાર કરવાનાં રહેશે તથા બાંધકામ કરવાનું રહેશે તથા તેની જાણ સમયાંતરે સત્તામંડળને કરવાની રહેશે.

(૩૦) મંજુર કરેલ આયોજનમાં નિયમ મુજબ સ્થળે રોડ સાઇડ ફ્રન્ટ માર્જીનમાં કચરા પેટી તથા ટપાલ બોક્ષને લગતી સુવિધા આયોજકે કરવાની રહેશે.

(૩૧) રજુ કરેલ આયોજન સંદર્ભે મિલ્કતની સલામતી માટે ઇન્ડીયન સ્ટાન્ડર્ડ સ્પેશીફીકેશન એન.ઓ.સી નિયમોનુસાર સ્ટ્રકચરલ સ્ટેબીલીટી, ફાયર સેફટી તથા અન્ય બાબતો લક્ષમાં લઇ વિકાસ કાર્ય/બાંધકામ કરવાનું રહેશે તથા તે અંગે જરૂરી સક્ષમ અધિકારી/વિભાગ તરફથી "ના-વાંધા પ્રમાણપત્ર" મેળવી અત્રે રજુ કરવાનું રહેશે તથા તે અંગેની સંપુર્ણ જવાબદારી અરજદાર/ડેવલપરશ્રીની રહેશે.

(૩૨) સવાલવાળી જમીનનો સમાવેશ નગર રચના યોજનામાં થતો હોઇ તે અંગે વિકાસ પરવાનગી બાબતે જરૂરી નગર રચના યોજનાની જનરલ શરતો આ સાથે સામેલ પાના નં.૨ થી ૭ મુજબ બંધનકર્તા રહેશે.

(૩૩) રજુ કરેલ લે-આઉટમાં દર્શાવેલ કોમન પ્લોટ માલિક બિનતબદીલ તથા અ-વિભાજય સત્તા પ્રકારની રહેશે. તેમજ સદરહું લે-આઉટના મંજુર કરેલ તમામ પ્લોટ/ટેનામેન્ટના વખતો-વખતના માલિકોનો પણ વણવહેંચાયેલ સમાન હિસ્સો રહેશે.

(૩૪) સવાલવાળી જમીનમાં લો-કોસ્ટ ટાઇપ હાઉસનું આયોજન હોય, નિયમોનુસાર કો.ઓપરેટી હાઉસીંગ સોસાયટીનું રજીસ્ટ્રેશન કરાવીને તેના જરૂરી પુરાવા મંજુરી હુકમ તારીખથી છ (૬) માસમાં અત્રે રજુ કરવાના રહેશે.

(૩૫) લે-આઉટમાં દર્શાવેલ ઓપન સ્પેશ,બાંધકામ નિયંત્રણ રેખા તથા કોમન પ્લોટની ખુલ્લી જમીનમાં કોઇપણ પ્રકારની બાંધકામ/વિકાસ કાર્ય કરવાનું રહેશે નહિ.

(૩૬) મંજુર કરેલ આયોજનમાં નિયમોનુસાર સોસાયટીની ખુલ્લી જમીનમાં ઇલેકટ્રીકલ ટ્રાન્સફોર્મર માટેની જમીન અલગથી ફાળવી જે તે સુવિધા આયોજકે કરવાની રહેશે.

(૩૭) અગાઉ તા.૧૨/૦૭/૨૦૧૯ થી મેળવેલ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીના બિનખેતી હુકમમાં નિર્દિષ્ઠ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૩૮) સવાલવાળી નગર રચના યોજના સરકારશ્રીમાં મંજુર અર્થે સાદર કરેલ હોઇ, સરકારશ્રી ધ્વારા જો કોઇ સુધારા કરવામાં આવે તો તે અરજદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૩૯) ચીફ ફાયર ઓફિસરશ્રીના અભિપ્રાય સ્થળ પર ફાયર સેફટી અંગેની જોગવાઇ કરવાની રહેશે. તેમજ મેળવેલ વિકાસ પરવાનગી મુજબ સ્થળે બાંધકામ પુર્ણ કરી ફાયર સેફટી અંગેની જોગવાઇ કરી ચીફ ફાયર ઓફિસરશ્રીનું "ના-વાંધા પ્રમાણપત્ર" તેમજ અત્રેથી વપરાશનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ બાંધકામનો ઉપયોગ કરી શકાશે.

(૪૦) નેશનલ બિલ્ડીંગ કોડની જોગવાઇઓનું ચુસ્તપણે એન્જીનીયરશ્રી/સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રી/ડેવલોપરશ્રીએ ચુસ્તપણે અમલ કરી બાંધકામ કરવાનું રહેશે તથા રજુ કરેલ એફીડેવીટનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪૧) મેળવેલ વિકાસ પરવાનગી મુજબની લીફ્ટ તથા ફાયર લીફ્ટનું આયોજન કર્યા બાદ ચીફ લીફ્ટ ઇન્સ્પેકટરશ્રીનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ લીફ્ટનો ઉપયોગ કરવાનો રહેશે.

(૪૨) નેશનલ બિલ્ડીંગ કોડના ઉપલક્ષમાં ફાયર ફાઇટીંગ પ્રોવિઝન, અન્ડર ગ્રાઉન્ડ ટાંકીની જોગવાઇ વિગેરેની સંબંધક ખાતાની એન.ઓ.સી મેળવી લેવાની રહેશે.

(૪૩) લીફ્ટ/દાદર/પેસેજ/કોરીડોર વિગેરે માટે તથા ઇન્ટરનલ ફાયર હાઇડ્રન્ટ માટેની લાઇટીંગની/ઇલેકટ્રીક સર્કીટની અલાયદી વ્યવસ્થા જે તે સંબંધક ખાતાનું "ના-વાંધા પ્રમાણપત્ર" મેળવી આયોજકે કરવાની રહેશે.

(૪૪) સદર જમીનમાં બાંધકામ/વિકાસ શરૂ કરતા પહેલા સાઇટ સુપરવાઇઝરનું અત્રેનું જરૂરી રજીસ્ટ્રેશન મેળવી સ્થળે બાંધકામ/વિકાસ કરવાનો રહેશે.

(૪૫) મેળવેલ વિકાસ પરવાનગી મુજબ સ્થળે બાંધકામ શરૂ કરતાં પહેલા વર્કીંગ ડ્રોંઇગ સ્ટ્રકચરલ ડ્રોંઇગ સત્તામંડળમાં રજુ કરવાના રહેશે તથા સી.જી.ડી.સી.આર-૨૦૧૭ ની જોગવાઇ મુજબ દરેક બાંધકામનો તબકકાવાર પ્રગતિ અહેવાલ સત્તામંડળમાં રજુ કરવાનો રહેશે. બાંધકામની સ્ટ્રકચરલ સ્ટેબીલીટી જળવાઇ રહે તે મુજબ બાંધકામ કરવાની સમગ્ર જવાબદારી એન્જીનીયરશ્રી/સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રી/ડેવલોપરશ્રીની રહેશે.

(૪૬) ડ્રાફ્ટ સ્કીમ મુજબના અંતિમખંડ નં:..-...ની જમીનમાં મળતી અન્ય માલિકીની જમીનમાં સરકારશ્રી દ્વારા પ્રારંભિક નગર રચના યોજના મંજુર થયા બાદ કાયદાકીય રીતે કબજો મેળવ્યા બાદ સદર જમીનમાં અત્રેની કચેરીની જાણ હેઠળ બાંધકામ કરવાનું રહેશે.

(૪૭) સદર નકશામાં સુચવેલ ઉંચાઇ પૈકીની **૨૫.૦૦** મીટર.ઉંચાઇ સુધીનું બાંધકામ કરવા માટે જ આ પરવાનગી આપવામાં આવે છે.

(૪૮) પ્રશ્ન હેઠળની જમીનનો સમાવેશ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરેલ મુસદારુપ નગર રચના યોજના નં:**૨૫ (પાલજ-બાસણ-લવારપુર-શાહપુર),** "ગુડા" ના વિસ્તારમાં થતો હોઇ, આ નગર રચના યોજનાના તમામ નિર્ણય બંધનકર્તા રહેશે.

(૪૯) નગર રચના યોજનાને સરકારશ્રીની મંજુરી મળ્યેથી નિમાનાર નગર રચના અધિકારીશ્રી દ્વારા તેને અંતિમ કરતાં લે-આઉટ પ્લાન ઉપર દર્શાવેલ અંતિમખંડની હદો/ક્ષેત્રફળ કે અન્ય દરખાસ્તો ફેરફારને પાત્ર હોઇ યોજના અંતિમ થતાં નગર રચના અધિકારીશ્રી દ્વારા લીધેલ નિર્ણય બંધનકર્તા રહેશે.

(૫૦) પ્રશ્ન હેઠળની જમીનનો નગર રચના યોજના અંગેનો બેટરમેન્ટ ચાર્જ સત્તામંડળ દ્વારા જણાવ્યેથી સત્વરે ભરપાઇ કરવાનો રહેશે તથા મંજુર લે-આઉટના સબપ્લોટસ/ફ્લેટસ જે તે ઇસમ કે સંસ્થાને ભાડે યા વેચાણ આપતી વખતે તેનો ભાડાખત/વેચાણ દસ્તાવેજમાં ઉલ્લેખ કરવાનો રહેશે.

(૫૧) સવાલવાળી જમીનના નગર રચના યોજના મુળખંડમાંથી કપાત થતી જમીનના કબજા બાબતે આપેલ બાંહેધરી મુજબનો અમલ કરવાનો રહેશે.

(૫૨) નગર રચના યોજના અન્વયે અન્યની માલિકીની જમીનમાં ફાળેલ અંતિમખંડની જમીન અન્વયે અરજદારશ્રીએ જે તે સંબંધિત જમીન માલિક/કબજેદારોની સંમતિ મેળવી તેનો કાયદાકીય જોગવાઇ અનુસાર પ્રત્યક્ષ કબજો કાયદાકીય રીતે મેળવી સવાલવાળી જમીનમાં વિકાસ કામ/બાંધકામ કરવાનું રહેશે.

(૫૩) ઉપરોક્ત જણાવેલ કોઇપણ શરતનો ભંગ થશે તો આપેલ વિકાસ પરવાનગી આપો-આપ રદ થયેલી ગણાશે.

નોંધ.માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ મંજુર કર્યા મુજબ.
ક્રમાંક:પીઆરએમ/પાલજ/૩૭/૦૩/૨૦૨૦/ ૭૧૧૧ / ૨૦૨૦
વપરાશ: રહેણાંક
તારીખ : 4/11/2020

જુનીયર નગર નિયોજક
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર.

સ.મ.મુ.ગા. (વાય) ૩૧૫ - ૧ , ૦૦૦ - ૬ - ૨૦૦૮ .

ગુડા

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

બ્લોક નંબર- ૧૮ ચોથો માળ , ઉધોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર. ફોન/ફેક્સ નં- ૨૩૨૪૯૦૧૭/૧૮

અરજદારની નકલ

પી.આર.એમ ક્રમાંક

નામ JIVUBEN LBIHOLA

સરનામું

સેક્ટર નં

મોજે

ટી.પી.એસ.નં

ટી.પી ગામ 17

સબ પ્લોટ / ટેનામેન્ટ / પ્લોટ નં

પ્લોટ

સર્વે/બ્લોક નં

એફ.પી.નં

સર્વે બ્લોક 401

વપરાશનો હેતુ Other

ચલણ નં	16,101.00
ચલણ તારીખ	15-Nov-2019

વિગત	ક્ષેત્રફળ ચો.મી./યુનીટ	દર પ્રતિ ચો.મી.યુનીટ રુ.પૈસા	કુલ રકમ રુ.પૈસા
પાર્ટ પ્લાન	1.00	200.00	200.00
ઝોનીગ સર્ટીફીકેટ	1.00	100.00	100.00
			300.00

A/C - 66027631731

A/C - 66027886009

અંકે રુપિયા **ત્રણસો રુપિયા પુરા** અરજદાર પાસેથી ઉપર મુજબની વિકાસ પરવાનગી પેટે ફી/ડિપોઝીટની રકમ વસુલ લેવી. ઉપર પ્રમાણેની રકમ વસુલ કરી અરજદારને પાકી પહોંચ આપવી.

પ્લાનીંગ આસિસ્ટન્ટ

જુનીયર ટાઉન પ્લાનર

કેશ/ચેક રુ. 300.00 (અંકે રુપિયા : ત્રણસો રુપિયા પુરા) તા. થી વસુલ લેવા.

ચેક નંબર

બેંકનું નામ

એકાઉન્ટન્ટ

S.B.I. બેંકના ઉપયોગ માટે

5137616 S S K हस्ताक्षर Initials
स्टेट बैंक सेक्टर-11, उद्योग भवन शाखा गांधीनगर
19 NOV 2019
कोड नं. 60228/CODE No. 60228
नकद/अंतरण/CASH/TRANSFER
S.B.I., SECTOR-11, UDYOG BHAVAN BR: GANDHINAGAR

હિસાબી અધિકારી

સ.મ.મુગ્રા. (વાય) ૩૧૫ - ૧ , ૦૦૦ - ૬ - ૨૦૦૮ .

ગુડા

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

બ્લોક નંબર- ૧૮ ચોથો માળ , ઉધોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર. ફોન/ફેક્સ નં- ૨૩૨૪૯૦૧૭/૧૮

ગુડાની હિસાબી નકલ

પી.આર.એમ ક્રમાંક	PALAJ/37/03/2020
નામ	BIHOLA JIVUBEN LAXMANBHAI
સરનામું	
સેક્ટર નં	
પ્લોટ	
મોજે	પાલજ
સૂર્વે/બ્લોક નં	401,F.P.NO.33,401,F.
ટી.પી.એસ.નં	
એફ.પી.નં	
ટી.પી ગામ	
સર્વે બ્લોક	
સબ પ્લોટ / ટેનામેન્ટ / પ્લોટ નં	
વપરાશનો હેતુ	Residential

ચલણ નં	17,020.00
ચલણ તારીખ	06-Jun-2020

વિગત		ક્ષેત્રફળ ચો.મી./યુનીટ	દર પ્રતિ ચો.મી.યુનીટ રુ.પૈસા	કુલ રકમ રુ.પૈસા
સ્ક્રુટીની ફી	બાંધકામ	4197.11	10.00	41971.10
પરચુરણ આવક		1.00	0.90	0.90
				41972.00

A/C - 66027631731

A/C - 66027886009

અંકે રુપિયા **એકતાલીસ હજાર નવસો બોતેર રુપિયા પુરા** અરજદાર પાસેથી ઉપર મુજબની વિકાસ પરવાનગી પેટે ફી/ડિપોઝીટની રકમ વસુલ લેવી. ઉપર પ્રમાણેની રકમ વસુલ કરી અરજદારને પાકી પહોંચ આપવી.

પ્લાનીંગ આસિસ્ટન્ટ — જુનીયર ટાઉન પ્લાનર

કેશ/ચેક રુ. **41,972.00** (અંકે રુપિયા : **એકતાલીસ હજાર નવસો બોતેર રુપિયા પુરા**) તા. થી વસુલ લેવા.

ચેક નંબર. 476379 — બેંકનું નામ [illegible]

એકાઉન્ટન્ટ

S.B.I. બેંકના ઉપયોગ માટે

भारतीय स्टेट बैंक, सेक्टर-11 शाखा, गांधीनगर S.B.I., Sector-11 Branch, Gandhinagar
10 JUN 2020
कूट नं. 60228/Code No. 60228
समाशोधन/CLEARING

હિસાબી અધિકારી

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

બ્લોક નં.૧૮,૪થો માળ,ઉધ્યોગ ભવન,સેકટર-૧૧,ગાંધીનગર

કચેરીના ઉપયોગ સારુ

ક્રમાંક	પી.આર.એમ.પાલજ/૩૭/૦૩/૨૦૨૦				ચલણ નં.	0-1957	
નામ	જીત ડેવલપર્સ				તારીખ	01-12-2020	
સરનામુ							
મોજે	પાલજ	ટી.પી.એસ.નં.		૨૫	સર્વે/બ્લોક નં.	૪૦૧	
અંતિમ ખંડ નં.૩૩		સબ પ્લોટ			વપરાશનો હેતુ		વાણીજ્ય
અ.નં.	વિગત		કોડ	S.B.I. સંબંધિત ચ	ક્ષેત્રફળ ચો.મી./ યુનીટ	દર પ્રતિ ચો.મી. યુનીટ રૂ. પૈ	કુલ રકમ રૂ. પૈસા
(૧)	(૨)		(3)	(૪)	(૫)	(૬)	(૭)
૧.	સ્ક્રુટીની ફી	જમીન			૯૫૫૬.૬૯	૧૦.૦૦	૯૫૫૬૬.૯૦
		બાંધકામ					
૨.	એકત્રીકરણ ફી, જમીન						
3.	પાર્ટ પ્લાન				૧.૦૦	૨૦૦.૦૦	૨૦૦.૦૦
૪.	ઝોનીંગ સર્ટીફિકેટ				૧.૦૦	૨૦૦.૦૦	૨૦૦.૦૦
૫.	એફ. ફોર્મ				૧.૦૦	૧૦૦.૦૦	૧૦૦.૦૦
૬.	સિક્યુરીટી ડીપોઝીટ, સુચિત બાંધકામ				૧૩૭૫૩.૮૦	૫.૦૦	૬૮૭૬૯.૦૦
૭.	ડેવલપમેન્ટ ચાર્જ	જમીન			૩૨૭૮.૦૦	૫.૦૦	૧૬૩૯૦.૦૦
		બાંધકામ			૧૩૭૫૩.૮૦	૧૨.૦૦	૧૬૫૦૪૫.૬૦
૮.	યુ.એ.ડી.	જમીન					
		બાંધકામ					
૯.	ભોગવટા/ બી.યુ. ફી						
૧૦.	બેટરમેન્ટ ચાર્જ		(૧)	૬૬૦૨૭૬૩૧૭૩૧	૧.૦૦	૪૩૭૬૦૦.૦૦	૪૩૭૬૦૦.૦૦
૧૧.	ડ્રેનેજ				૧૦૫.૦૦	૩૦૦૦.૦૦	૩૧૫૦૦૦.૦૦
૧૨.	માપણીશીટ						
૧૩.	લેબર શેષ						
૧૪.	હોર્ડીંગ				૩૨૭૮.૦૦	૩.૦૦	૯૮૩૪.૦૦
૧૫.	વૃક્ષ ડીપોઝીટ અંગેની ફી				૮૨.૦૦	૫૦૦.૦૦	૪૧૦૦૦.૦૦
૧૬.	ડી.પી. શીટ/એરપોર્ટ NOC ફી						૦.૦૦
૧૭.	ચાર્જેબલ એફ.એસ.આઇ.			૨૫.૦૦%			૧૦૦૦૦૯૫.૦૦
૧૮.	વહીવટી ખર્ચ અંગેની ફી						
૧૯.	ડેબ્રીજ માટે				૧.૦૦	૧૦૦૦૦.૦૦	૧૦૦૦૦.૦૦
૨૦.	જનરલ ચેક એકાઉનટ		(૧)	૬૬૦૨૭૮૮૬૦૦૯			૨૧૫૯૮૦૦.૫૦
કુલ					૨૧૫૯૮૦૧.૦૦		

અંકે રૂપાયા ....

અરજદાર પાસેથી ઉપર મુજબની વિકાસ પરવાનગી પેટે ફી / ડીપોઝીટની રકમ વસુલ લેવી. ઉપર પ્રમાણેની રકમ વસુલ કરી અરજદારને પાકી પહોંચ આપવી.

પ્લાનીંગ આસીટન્ટ (signature) જુનીયર ટાઉન પ્લાનર

રૂ. કેશ/ચેક (અંકે રૂપીયા: એકવીસ લાખ ઓગણસાઇઠ હજાર આઠસો એક પુરા વસુલ લેવા.

ચેક નં. 149773 બેંકનું નામ

એકાઉન્ટન્ટ હિસાબી અધિકારી

S.B.I. બેંકના ઉપયોગ માટે

भारतीय स्टेट बैंक, सेक्टर-11 शाखा, गांधीनगर
S.B.I., Sector-11 Branch, Gandhinagar
-3 DEC 2020
कूट नं. 60228/Code No. 60228
समाशोधन/CLEARING